**<u>આંક ૧ લગત હુકમ</u>** **ગુ. મુ. નં. ૨૩૯૭૧/૨૦૨૧.**

આ કામે આરોપી સામે ત.ક.અમલદારે ઈ.પી.કો.ક.૨૬૯, ૧૮૮ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ–૫૧(બી) તથા જી.પી.એક્ટ–૧૩૫ મુજબનુ ચાર્જશીટ રજુ કરેલ છે. મજકુર કામે આરોપીએ હાજર થઇ કબુલાત પુરસીસ રજુ કરી પોતે ગુનો કબુલ કરતા હોવાની હકીકત જણાવેલ છે અને જણાવેલ છે કે,પોતે ગરીબ વર્ગનો છે અને કુટુંબની જવાબદારી તેના શીરે છે કાયદા પ્રત્યે માન છે, અજાણતા મજકુર ગુનો થયેલ છે તેનો પસ્તાવો વ્યકત કરે છે અને ભવિષ્યમાં આવા પ્રકારના કોઇ ગુનાહિત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે. **વધુમાં, હાલમાં કોવીડ–૧૯ના કારણે ધંધા રોજગારની સર્જાયેલી પરિસ્થિતિને ધ્યાને રાખી હુકમ કરવા વિનવે છે.** આરોપીનુ નિવેદન લેતાં તેના કબુલાત સ્વેચ્છીક હોવાનુ જણાય છે, કોઇએ તેને કોઇ લાલચ કે પ્રલોભન આપેલ નથી, ગુનાની સજાની જોગવાઇ બાબતે તેને માહીતગાર કરવામાં આવેલ છે,છતાં પોતે સ્વેચ્છીક કબુલાત કરતો હોઇ તેની કબુલાત રેકર્ડ કરવામાં આવે છે. વધુમાં, જાહેરનામાના ભંગ સબબ પોલીસ રીપોર્ટ ઉપરથી ગુનાનું સંજ્ઞાન લેવાનું બાધીત છે તથા આવા ભંગ બદલ લેખીતમાં ફરિયાદ રજુ કરવાની જોગવાઈ સી.આર.પી.સી.માં કરવામાં આવેલ છે તે સબબ સી.આર.પી.સી.ની કલમ–૧૯૫ તથા નામદાર સુપ્રીમ કોર્ટના દોલતરામ વિરુધ્ધ સ્ટેટ ઓફ પંજાબ તથા નામદાર સુપ્રીમ કોર્ટના એમ.એસ. અહલાવદ વિરુધ્ધ સ્ટેટ ઓફ હરિયાણા તથા નામદાર સુપ્રીમ કોર્ટના સી.મુનિઅપ્પન વિરુધ્ધ સ્ટેટ ઓફ તમિલનાડુંના ચુકાદામાં ઠરાવેલા સિધ્ધાંતો તથા નામદાર ગુજરાત હાઈકોર્ટે સ્પે.ક્રિ.એ.નં. ૪૧૦૫/૨૦૧૭ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંતો મુજબ તથા તાજેતરમાં નામદાર બોમ્બે હાઈકોર્ટ ડિવિઝન બેન્ચ દ્વારા HLA SHWE તથા અન્ય વિરુદ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંતો <u>મુજબની હકીકતોને ધ્યાને લેતા ઈ.પી.કો.કલમ–૨૬૯ સિવાયની અન્ય જોગવાઈઓ બાબતે કાર્યવાહી આગળ ચલાવવાની સત્તા રહેતી નથી.</u> વધુમાં, આરોપીની રજુઆત તેની સામાજીક અને આર્થિક સ્થિતિ અને જે સંજોગોમાં ગુનો બનવા પામેલ છે તે તમામ હકીકતને નિગાહે લેતાં આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કીસ્સો જણાય છે અને આ બાબતે નામદાર ગુજરાત વડી અદાલતનો નટવર હરચંદ વિ.સ્ટેટનો ચુકાદો કે જે જી.એલ.આર.૨૦૦૫ પેજ નં. ઉપર પ્રકાશીત થયેલ છે તે ધ્યાને લેતાં, આરોપીને આવા કિસ્સામાં ન્યુનત્તમ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય તેમ હોઇ આરોપીની કબુલાતને ધ્યાને લેતાં આરોપીને સી.આર.પી.સી.કલમ–૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**<u>હુકમ</u>**

આરોપી **હાસીમખાન જીલ્લેદાર પઠાણ**ને મજકુર ગુના સબબ સી.આર.પી.સી.કલમ–૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી ઈ.પી.કો.કલમ–૨૬૯ ના ગુનામાં રૂ.૧૦૦/–અંકેસો રૂપીયા પુરાનો દંડ કરવાનો અને દંડની રકમ ભરપાઇ કરવામાં કસુર કરે તો દિન– ૨ ની સાદી કેદની સજાનો હુકમ ફરમાવુ છુ.

ઈ.પી.કો. કલમ ૧૮૮ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ–૫૧(બી) તથા જી.પી.એક્ટ–૧૩૫ મુજબની આરોપી સામેની કાર્યવાહી સી.આર.પી.સી.કલમ–૨૫૮ મુજબ સ્ટોપ પ્રોસીડીંગ કરવામાં આવે છે. ફરિયાદ પક્ષને આરોપી વિરુધ્ધ સી.આર.પી.સી.ની કલમ ૨(ડી) મુજબની ફરિયાદ જો કરવા માંગતા હોય તો તે માટે તેઓનો અધિકાર અબાધિત રાખવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૦/૦૭/૨૦૨૧ના રોજ કોવિડ–૧૯ના માર્ગદર્શન મુજબ સ્પેશીયલ સીટીંગમાં જાહેર કર્યો.

**(સી.પી.ચારણ)**
તારીખ : ૧૦ / ૦૭ /૨૦૨૧
૨૯ માં એડી. ચીફ જ્યુડી.મેજી.,
વડોદરા
કોડ નં. જી.જે.૦૧૪૮૩

FINE RS.100/-RECEIPT NO..........

DT.10/07/21.

*NAZIR.*